

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ચુંટણીમાં 'મુદ્દા' સ્વરુપે, રામ જન્મ લે છે,
કૌભાંડે, 'સુપ્રીમ' સ્વરુપે રામ જન્મ લે છે,
દુષ્કર્મ-દૈત્યને નાથવા, રામ જન્મ લે છે,
દંભ-દર્પ વિનાશ કાજે રામ જન્મ લે છે...

હાઈકુ

ધનિકો-નેતા
રાવણો, સર્જી બેઠા -
સોના ની લંકા
(પન્નામા - ત્રિકુટ પર)

પોકળ ખોટા
ફૂટયા કરે પરપોટા -
એમઓયુના...
(વિદેશ પ્રવેશે કરેલા
કરાર ફોક)

### ચિંતન

**ચલચિત્તમનાત્માનમિન્દ્રિયાણાં વશાનુગમ્ ।**
**અર્થાઃ સમભિર્વન્તે હંસાઃ શુષ્કં સરોયથા ॥**

'જેનું મન-ચિત્ત ચંચળ છે અને આત્મગૌરવ-સંયમ જેવું કંઈ જ નથી. એવા આત્માભિમાન વિનાના અને ઈન્દ્રિયો ને વશ છે પરવશ છે - નબળા મનના છે - કોઈ પણ લોભામણી બાબતથી ચલિત થઈ લપસી પડે છે એવી વ્યક્તિઓથી ધન-સમૃદ્ધિ-સંપત્તિ-લક્ષ્મીજી પણ દૂર રહે છે.'

એમને-એમનાં કોઈપણ કાર્યમાં સિદ્ધિ-સફળતા મળતાં નથી કારણ આવા માણસો 'નિર્ણય' બાબતમાં પણ શિથિલ જ રહેતા હોય છે. મક્કમ મનોબળના નથી હોતા -

આ વાત સમજાવવા અહીં સૂકાં સરોવરનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. આવા શુષ્ક સરોવર પાસે પંખીઓ-હંસો આવતાં નથી. ધન પણ સુપાત્ર પાસે જ આવે છે.

### સુવિચાર

- હું વિચારું છું તેથી મારું અસ્તિત્વ છે - **સિસેરો**
- કોઈ પણ માણસ ભૂલ કરી શકે છે, મૂર્ખ સિવાય બીજો કોઈ એને વળગી રહેશે નહીં - **ખલિલ જીબ્રાન**
- સહનશીલતા એ સંસ્કૃતિની એક માત્ર સાચી કસોટી છે - **શેખ શાદી**
- કવિતાઓ તો મારા જેવા મૂર્ખા બનાવે છે,
  પણ વૃક્ષ તો માત્ર ઈશ્વર જ બનાવી શકે છે - **બર્નાડ શો**
- દુર્ગુણમાંથી મુક્ત રહેવામાં સદ્‌ગુણ રહેલો નથી પણ એની ઈચ્છા નહીં કરવામાં રહેલો છે - **સુરેશ દલાલ**
- આપણા અજ્ઞાન વિશેનું જ્ઞાન એ ડહાપણના મંદિરનું પહેલું પગથિયું છે - **રજનીશ**
- આજનું ઔષધ : અળવીના પર્ણદંડ ને બાળી ભસ્મમાં સરસવનું તેલ ઉમેરી પેસ્ટ બનાવી ખરજવા ઉપર લગાડવાથી ફાયદો થાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

જયોતિષ 'શાસ્ત્ર' છે અને ચોક્કસ પ્રકારનું ગણિત છે આજે પણ ખગોળ અને ગ્રહની ગતિ જાણનારા વર્ષો સુધીના 'ગ્રહણ' નો ચોક્કસ સમય કહે જ છે. 'ગ્રહોની અસર' એ અનુભવ અને અભ્યાસનો વિષય છે. આથી 'જયોતિષ' પર આંધળો વિશ્વાસ રખાય નહીં.

બંગાળનો રાજા પોતાના દરબારમાં જયોતિષીઓ રાખતો - જયોતિષ અને જયોતિષીઓ પર આંધળો વિશ્વાસ પગલું - પાણી પણ પૂછીને જ ભરે - પીએ.

બખત્યાર ખિલજીને આ વાતની ખબર પડી પોતે પોતાના સૈન્યથી બંગાળના રાજાને જીતી શકે તેમ ન હતો. તેથી તેણે રાજાના જયોતિષીઓને ફોડી નાખ્યાં - કહ્યું, 'રાજાને યુદ્ધ - સામનો ન કરવાની સલાહ આપો.'

... અને બખત્યાર ખિલજીએ બંગાળ પર ચઢાઈ કરી. બંગાળનો રાજા રાજપાટ છોડી યુદ્ધ કર્યા વિના નાશી ગયો અને ખિલજીએ લડ્યા વિના જ બંગાળ જીતી લીધું અને નવાબ થઈ ગયો!!

# ગ્રામોદય-વિચાર ઉત્તમ, નામનો અતિરેખ અનિચ્છનીય

## તંત્રીસ્થાનેથી...

'ગ્રામઉદયથી ભારત ઉદય' શબ્દાવલી જરા હોઠે ચડતાં તકલીફ પડે એવી છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ આઈડિયા મૂળે તો મહાત્મા ગાંધીના 'ગ્રામ સ્વરાજ અને રાજ રાજય'ની જ અનુકૃતિ છે. આઈડિયા ખોટો નથી અને કોંગ્રેસનાં ૬૦ વર્ષની તાસીર જોતાં એ કેવળ કાગળ ઉપરનો જ કાર્યક્રમ રહ્યો છે, એવા આક્ષેપમાં પણ તથ્ય છે. દલિત સમાજમાં છેક રાષ્ટ્રપતિપદ સુધીનું નેતૃત્વ ઊભું કરનારા કોંગ્રસી શાસનમાં દલિતો વોટબેંક સ્વરુપે જ રહ્યા છે. ગરીબી હટાવવાનાં સૂત્રો અપાયાં પરંતુ ગરીબી હટી નથી. ગરીબો વધુ ગરીબ બન્યા છે અને કેટલાક ખેતી તથા ગ્રામવિસ્તારમાં ચાલતા નાનામોટા રોજગાર સાથે સંકળાયેલા લોકો તો મૂળ ધંધો છોડી સમૃદ્ધિની શોધમાં શહેરો તરફ વળ્યા છે અથવા વિદેશ ચાલ્યા ગયા છે. ગામડાં ભાંગી ગયાં છે એમાં એકલી સરકાર જવાબદાર નથી. એમાં સમાજની માનસિકતા વધુ ભાગ ભજવતી રહી છે. ગામડામાં રહેતા પચ્ચીસ-પચાસ વીઘાં જમીન ધરાવતા ખેડૂત પરિવારને પણ એની નવી પેઢી શહેરમાં સ્થિર થાય એવા અભરખા રહ્યા કહે છે. ગામડામાં રહી સારું કમાતા વેપારીને એના દીકરા માટે કન્યા શોધતાં નવનેજાં થઈ જાય છે. શહેરમાં કારકુનની કે ફિકસ પગારવાળા માસ્તરની નોકરી કરનારને કન્યા મળી જાય છે. આ માનસિકતા દિલ્હીના લુટિયન વિસ્તારના વિશાળ બંગલાઓમાં રહેનારા વડાપ્રધાન કે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલમાં બેસતાં મંત્રીઓ ન જ બદલી શખે. એ માટે સામાજિક નેતૃત્વને આગળ આવવું પડે. ધર્માધ્યક્ષોની પણ થોડી ઘણી અસર પડે. અણ્ણા હજારેએ પોતાના નાનકડાં ગામ રાલેગણ સિદ્ધિમાં રહીને કામ કર્યું છે એની યુવા માનસ પર અસર થઈ છે. પરંતુ આવા અણ્ણા જિલ્લે જિલ્લે પેદા થાય તો જ ગાંધીનું સપનું સાકાર થાય. દલિતો માટે તો શહેર ફળ્યું છે. ગામડાંમાં હજી પણ જૂના સામંતવાદી તત્ત્વોનો ત્રાસ ઓછાવત્તા પ્રમાણમાં અકબંધ રહ્યો છે. આંબેડકરે 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો' નો નારો આપ્યો હતો પરંતુ, ગામડામાં જ રહેવાનું નહોતું કહ્યું. પોતે પેન્ટ-સૂટ-ટાઈમાં આધુનિક નાગરિક તરીકેનો લેબાસ સ્વીકાર્યો હતો. શહેરમાં રહેતા મિલમજૂરો સંઘર્ષ કરીને શેઠિયાઓની દુર્દશા કરી શક્યા હોવાના અનેક દાખલા નોંધાયા છે જયારે ગામડાંમાં નાની સરખી ઉદય એ ઘણી ઉમદા અને સ્પૃહણીય બાબત છે, પરંતુ ગામડાને શહેર બનવાની ઉતાવળ આવી ગઈ છે. અત્યાર સુધી ભાજપની છાપ ઉજળિયાતોના હામી તરીકેની રહેલી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામીણ દલિત સમુદાય માટે અનેક લાભકારી યોજનાઓ જાહેર કરીને પ્રશંસનીય પગલું ભર્યું છે. એ યોજનાઓનું અમલીકરણ થાય તે જરુરી છે. અરવિંદ કેજરીવાલ કહે છે તેમ ફક્ત મહુ પહોંચી જઈ બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી દેવાથી કે પોતાની માતાએ લોકોનાં એંઠાં ઠામ અજવાળ્યાં હોવાનું સ્મરણ કરવાથી ગરીબ-દલિત-વંચિત વર્ગનું કલ્યાણ નથી થઈ જવાનું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે તમામ રાજકીય પક્ષો કાર્યક્રમો યોજતા રહ્યા છે. અત્યાર સુધી કોંગ્રેસ, ડાબેરીઓ અને માયાવતી વચ્ચે બાબાસાહેબની વારસાઈ અંગે ઝૂંટાઝૂંટ હતી. હવે મોદીની આગેવાની વાળી ભારતીય જનતા પાર્ટીએ પણ એનો દાવો ઠોક્યો છે. એથી દલિતોને લાભ થવાનો હોય તો સારી વાત છે. પરંતુ બનવાજોગ કે સવર્ણ હિંદુઓના પ્રબળ સમર્થનવાળી શાસક પાર્ટીને બાબાસાહેબનું કાર્ડ બૂમરેંગ પણ થાય! શિવસેના જેવી ભાજપની સમાન વિચારધારાવાળી સમર્થક પાર્ટીએ તો 'સામના'માં શ્રીરામના ધર્માંતરણ સુધીનો કટાક્ષ કરીને એનો સંકેત પાઠવી જ દીધો છે. બીજી તરફ રોહિત વેમુલાના પરિવારે પણ આંબેડકર-જયંતીના જ દિવસેને પ્રતીકાત્મક આંચકો આપી જ દીધો છે. કોઈ પણ રાષ્ટ્રનેતાના નામો વધુ પડતો અતિરેક લાંબા ગાળે નુકસાનમાં પરિણામતો હોય છે. ગુજરાતનું પાટીદાર આંદોલન સરદાર પટેલના નામના અતિરેકની જ ફલશ્રુતિ હોય એમ નથી લાગતું?

# વ્યકિતગત હિત જયારે સમાજ હિત સુધી વિસ્તરે, ત્યારે સફળતા ભવ્યતામાં પરિણમે છે

*'દીવાલ પર ખાલી સમય લટકે છે*
*બસ, ત્યાં આવી માણસ અટકે છે'*

*(ફારૂક ઘાંચી-'બાબુલ')*



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

સામાન્ય છતાં એક અદ્‌ભૂત દશ્ય : સાઈકલ સવારીમાં બાળક સાઈકલ પર આગળના દંડા પર બેઠું છે. તેના હાથમાં ગેસવાળો ફુગ્ગો છે ને પપ્પા સાઈકલ ચલાવી રહયા છે. મમ્મી પાછળ કેરીયર પર બેઠી છે. ને મમ્મીના ખોળામાં નાની બાળકી છે. બાળકીના હાથમાં નાનકડું રમકડું છે.સાઈકલ પર જતું આ કુટુંબ દિવ્યતા અને પવિત્રતાના બીજ વાવતું જાય છે. પ્રેમ અને ઐકયનું દ્યોતક છે.વર્તમાન સમયમાં આ દશ્ય દુર્લભ બનતું જાય છે.

નરી વાસ્તવિકતા અને જીવનનો સુભગ સમન્વય અહીં જોવા મળે છે. આંખોને ટાઢક આપે એવું આ દશ્ય ખરેખર રમણીય છે. સઘન ટ્રાફિકનો સખત સામનો કરતી આ સવારી ધીર-ધીરે આગળ વધે છે. એક કુલ્ફીની લારી પર અટકે છે અને મલાઈ કુલ્ફીનો ઓર્ડર આપી ચારેય જણા આનંદ કરે છે.

સાઈકલ સવારીનું આ દશ્ય કોઈ માટે અજાણ્યું નથી. બાળકીના હાથમાં રહેલા રમકડાંથી માંડીને બાળકના હાથમાં રહેલો ગેસનો ફુગ્ગો આપણા સમગ્ર જીવનનું બયાન કરે છે. રમકડાંથી શરૂ થતી જિંદગી ગેસના ફુગ્ગા પર આવીને અટકે છે. ગેસનો ફુગ્ગો સતત આકાશ તરફ મીટ માંડીને બેઠો છે. જાણે આકાશને પામવા સતત મથતો ન હોય! દોરાનો છેડો બાળકે પકડી રાખ્યો છે. આકાશમાં વિહરતો ફુગ્ગો એ સફળતા છે.

જીવનમાં સંયમનો જેટલો મહિમા થયો તેટલો સંતુલનનો નથી થયો. જયાં સંતુલન છે ત્યાં સ્થિરતા છે. અસંતુલિત થયેલું બધું જ ડામાડોળ છે. પિતાની ફરજ છે કે સાઈકલને સંતુલિત રાખવી. કોઈ એક સાઈડ પર નમી ન જાય વળી આગળ પાછળના ટ્રાફિકનું ધ્યાન રાખવાનું એ તો ખરું જ. મમ્મી પાછળ બેઠી છે ને એના ખોળામાં બાળકી છે ને એના હાથમાં રમકડું છે. આ બધું જ સંતુલન પપ્પાએ રાખવાનું છે. પપ્પાની ભૂમિકા ઓછી મહત્ત્વની નથી. મા અને બાળકોએ સંપૂર્ણ વિશ્વાસ પપ્પા પર મૂકી દીધો છે. સંતુલિત રાખવી હોય તોય, ને અમને પાડી દેવા હોય તોય,ને કુલ્ફી ખવડાવવી હોય તોય!!

શ્રધ્ધા અને વિશ્વાસથી ચાલતું આ સંતુલન-જીવનનું સંતુલન છે. શ્રધ્ધા અને વિશ્વાસ વગરનું જીવન શકય છે ખરું? પતિ અને પત્નિને જોડતો તંતુ કયો? મા અને બાળકને જોડી રાખનારું તત્વ કયું ? જવાબ વિશ્વાસ અને વાત્સલ્ય સિવાય બીજો કયો હોઈ શકે?

સાઈકલ કયાં જશે ? કયાં જાય છે? તેનું ધ્યાન કોઈ રાખતું નથી, સિવાય પપ્પા. બાળકનું ધ્યાન (ભલે સૌથી આગળ બેઠો છે. પણ) ગેસના ફુગ્ગામાં છે. ગેસનો ફુગ્ગો આનંદનું પ્રતીક છે. આનંદ ક્ષણિક છે. ફુગ્ગો છે ત્યાં સુધી આનંદ લૂટવાનો છે. ફુગ્ગો ફુટી જવાનો છે તે નિશ્ચિત છે. ગંગા સતી પાનબાઈને કહે છે જીવન ક્ષણભંગૂર છે. અહીં કેટલું કરતાં કેવું જીવ્યાનું મહત્ત્વ છે. જીવનની શરૂઆત રમકડાંના પ્રલોભનથી થાય છે. આ તબકકે માતાનું વાત્સલ્ય અને પ્રેમ મળે છે. પિતા સંતુલન જાળવે છે. જીવનમાં સંતુલનના પાઠ પિતા શીખવે છે. ફુગ્ગો એ સફળતાનું પ્રતીક છે. ફુગ્ગો આકાશાભિમુખ છે. સફળતા હંમેશા ઊંચે લઈ જાય છે. હવા વગર ફુગ્ગાનું મહત્ત્વ નથી. તેમાં ગેસ ભરવો જરૂરી છે. ખાલી ચણો વાગે ઘણો-વ્યકિતની અંદર રહેલું સત્વ અને તત્ત્વ સફળતા તરફ દોરી જાય છે. સફળતા કોઈનો ઈજારો નથી. અંદર ભરેલો સ્પીરીટ તમને તે તરફ દોરી જાય છે. કંઈક કરવાની ને કરી છૂટવાની ભાવના વિકાસની દ્યોતક છે. વ્યકિતગત હિત જયારે સમાજ હિત સુધી વિસ્તરે, ત્યારે સફળતા ભવ્યતામાં પરિણમે છે. તો જ "હિંમતે મર્દા તો મદદે ખુદા"ની કહેવત સાર્થક બને.

રમકડાંના પ્રલોભનથી શરૂ થતી જીવનયાત્રા માતાના પ્રેમ અને વાત્સલ્યથી ભીંજાઈને પિતાના સંતુલિત વ્યવહાર થકી ભાઈએ પકડી રાખેલા ગેસના ફુગ્ગા સુધીની વિકાસયાત્રા એટલે જ જીવન.

ગેસનો ફુગ્ગો આકાશ તરફ ગતિ કરે છે. જો વ્યકિતમાં પ્રેમ, ઉત્સાહ, સર્જનાત્મકતા જેવા ગુણો નહિ હોય તો તે આકાશ તરફ ગતિ કરી શકે નહિ. ફુગ્ગો કયા રંગનો છે તેના

**અનુસંધાન પાના નં. ૭ પર**

# મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકર સામસામે નહીં સાથોસાથ હતા



ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

'મને તો વિલાયત ગયો ત્યાં સુધી ખબર નહોતી કે આ આંબેડકર અંત્યજ છે. હું તો માનતો હતો કે આ કોઈ બ્રાહ્મણ હશે. એને અંત્યજો માટે ખૂબ લાગેલું છે અને એ વધારે પડતી વાતો ઉકળીને કરે છે.' - આ શબ્દો આંબેડકર વિશેના છે એ તો સહેજે સ્પષ્ટ થાય છે પણ કોના? એ સ્ફૂટ થતું નથી. આંબેડકર સાહેબ વિશેના આ શબ્દો છે, મહાત્મા ગાંધીના.

(સંદર્ભ : 'મહાદેવભાઈની ડાયરી' પુસ્તક પહેલું, પાન - ૬૮)

જાણીતા ચિંતક અને કોલમિસ્ટ ગુણવંત શાહ ગાંધીએ કરેલી આંબેડકરની વાત સરળતાથી સમજાવતાં આ મુજબ વ્યક્ત થાય છે :

'મહાદેવભાઈએ જે તે દિવસે નોંધેલા આ શબ્દો ડૉ. આંબેડકરના અંતઃસ્વરુપને સમજવામાં અત્યંત ઉપયોગી છે. ગાંધીજીના મન પર યુવાન આંબેડકરની જે છાપ પડી તેમાં ત્રણ બાબતો મહત્ત્વની છે.'

૧. યુવાન આંબેડકર બ્રાહ્મણ હોવાની છાપ.
૨. યુવાન આંબેડકરને અંત્યજો માટે ખૂબ લાગેલું છે.
૩. યુવાન આંબેડકર વધારે પડતી ઉકળીને વાતો કરે છે.

- ગુણવંતભાઈ ત્રણે મુદ્દા ડૉ. આંબેડકરની પ્રતિભાને સમજવામાં ઉપકારત સાબિત થાય તેવા ગણાવે છે. તેઓ કહે છે 'વર્ણપ્રથા સાથે જોડાયેલા હઠીલા પૂર્વગ્રહોના એ જમાનામાં ગાંધીજી પર જે છાપ પડી તે સાવ અપ્રદૂષિત હતી. અને અપ્રદૂષિત હતી માટે સાચી હતી. હિંદુ ધર્મમાં જામી પડેલું ચાતુર્વણ્ય (વર્ણવ્યવસ્થા) ગીતાના મૂળ ઉપદેશથી ફંટાઈ ચૂક્યું હતું. વર્ણપ્રથા જન્મકેન્દ્રી હોય ત્યારે એ ગીતાની વ્યાખ્યા મુજબ 'ગુણકર્મવિભાગશઃ' (અધ્યાય ૪, શ્લોક ૧૩) કયાંથી હોય? ડૉ. આંબેડકર ગીતાના મૂળ કથન પ્રમાણે 'બ્રાહ્મણ' ગણાવા જોઈતા હતા, પરંતુ હિંદુત્વ સાથે જોડાયેલી વર્ણગત જડતાને કારણે તેમ ન થયું.'

**મહાદેવ દેસાઈને ગાંધીજીનો પ્રશ્ન હું યે જાતનો આંબેડકર જ છું ના ?**

ગુણવંતભાઈએ પુનઃ ગાંધીએ આંબેડકર માટે કરેલી મુદ્દાસર વાતનો તંતુ સાંધતા લખ્યું છે, 'આંબેડકર જેવા બ્રાહ્મણ જણાતા યુવાનને અંત્યજો માટે ખૂબ લાગેલું છે' - એ વાત મહત્ત્વની છે અને 'એ બ્રાહ્મણ જણાતો યુવાન 'વધારે પડતી વાતો ઉકળીને કરે છે' એ ત્રીજો મુદ્દા બીજા નંબરના મુદ્દા સાથે આબાદ સંકળાયેલા છે.'

ગુણવંતભાઈ ટૂંકમાં સ્પષ્ટ કરે છે કે ગાંધીજી એવી માન્યતા ધરાવતા હતા કે બ્રાહ્મણ જણાતા યુવાન આંબેડકરને અંત્યજો માટે ખૂબ લાગેલું છે. તેથી એ વધારે પડતી વાતો ઉકળીને કરે છે. પૂછવા જેવો પ્રશ્ન છે : શું આંબેડકર જેવા યુવાનો ગાંધીજીના મન પર બ્રાહ્મણ હોવાની છાપ પાડી તે શું કેવળ અકસ્માત હોઈ શકે? ગાંધીજી સંત હતા, પરંતુ કોઈથી ન છેતરાય એવા 'ચતુર' વાણિયા પણ હતા. એમના મન પર જે છાપ પડી તે સાવ સહજ હતી. એમ તેઓ સ્પષ્ટ કરે છે.

(સંદર્ભ : સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબાસાહેબ આંબેડકર, લેખક કિશોર મકવાણાના પુસ્તકના આવકારમાં - ગુણવંત શાહ)

ગાંધીજી તો આખેઆખી ભગવદ્‌ગીતા પચાવીને અનાસક્તિ યોગના પ્રયોગવીર હતા. આઝાદ ભારતના પહેલવહેલા પ્રધાનમંડળમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સમાવેશ કરવો આવશ્યક છે એમ ગાંધીજીએ જ નહેરુને સુચવ્યું હતું. નહેરુના અંગત સચિવશ્રી મથાઈના લખાણ મુજબ સોહનલાલ શાસ્ત્રીના જણાવ્યા અનુસાર ગાંધીજીએ એવો વિચાર રજૂ કર્યો હતો કે આંબેડકરને જો પ્રધાનમંડળમાં લેવામાં આવે તો ભારતનું બંધારણ ઘડવાના કાર્યમાં તેમનાથી ચઢિયાતી વ્યક્તિ કોઈ નથી. જવાહરલાલે ગાંધીજીની હા માં હા ભણી હતી. (સંદર્ભ : નહેરુ યુગના સંસ્મરણો, એમ.ઓ. મથાઈ, પૃ.૩૫-૩૬)

મહાદેવ દેસાઈની એક નોંધમાં એવો ઉલ્લેખ છે કે ૧૯૩૨માં ગાંધીજીને યરવડા જેલમાં યુવાન આંબેડકર અનેકવાર મળવા ગયા હતા. જે દરમિયાન ગાંધીજીએ આંબેડકરને મળ્યા પછી એક દિવસ બાપુએ કહ્યું હતું, 'હું યે એક જાતનો આંબેડકર જ છું ના ?'

- આટલું નોંધ્યા પછી મહાદેવભાઈ તરત ઉમેરે છે : 'ઝનૂનીના અર્થમાં! અહીં એ સ્પષ્ટ થતું નથી કે મહાદેવભાઈ આ વાત કરે છે કે ગાંધીજી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે અસ્પૃશ્યતા નિવારણ સાથે સામાજિક સમરસતા માટે યુવાન અને ઉકળીને વાત કરતા ને અંત્યજોનું જેમને લાગેલું છે તેવા ગાંધીને લાગતા 'બ્રાહ્મણ' આંબેડકર અને 'હું એ જાતનો આંબેડકર જ છું ના? - એવો વિચાર વ્યક્ત કરતાં ગાંધીમાં અસ્પૃશ્યતાના અનિષ્ટ સામેનું ઝનૂન ડૉ. આંબેડકરના ઝનૂન કરતાં સહેજે ઓછું ન હતું.'

ગાંધીજીના દેહવિલય પછી કલમાપતિ ત્રિપાઠીએ ૧૯૪૮માં 'શ્રદ્ધાંજલિયાં' નામનું પુસ્તક પ્રગટ કર્યું હતું. જેમાં ડૉ. ભીમરાવ આંબેડકરે મહાત્મા ગાંધીને જે શ્રદ્ધાંજલિ આપી છે તેની પર નજર નાંખતા વાંચનારને ખ્યાલ આવી જશે કે ગાંધીજી અને ડૉ. આંબેડકર સામસામે નહીં, સાથોસાથ હતા. બાબાસાહેબ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપતા લખે છે :

**ગાંધીજી કો ખો કર, વસ્તુતઃ ભારતને**
**અપના બહુત કુછ ખો દિયા હૈ.**
**માનવતા કો ઉન પર ગર્વ થા**
**દલિતો ઔર પીડિતોં કા**
**એક સહારા ચલા ગયા**
**ઉનકા જીવન હી પરોપકાર કે લિયે થા,**
**વે ઉસી કે લિએ જિયે**
**ઔર ઉસી કે લિએ મરે.**
**ભારતીય રાજનીતિ કો ઉન કી દેન**
**અમર હૈ ઔર પ્રેરણાત્મક.**

(સાભાર : સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબાસાહેબ આંબેડકર, લે - કિશોર મકવાણાના પુસ્તકના ગુણંવત શાહે લખેલા આવકારમાંથી, પૃષ્ઠ - ૭)

(લેખક - ગુજરાત કૉલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# સાહિત્ય પરિસંવાદ અને સંસ્કૃત ગૌરવ પુરસ્કાર



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગુજરાતી ભાષાના અમોલ સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખવા તથા તેની ખુશ્બુને ચોદિશામાં મધમધતી અને મહેંકતી રાખવા, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા દર માસે સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, તેમાં 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત; તાજેતરમાં જ મહામહિમ રાજયપાલશ્રી માન. ઓ.પી.કોહલીના હસ્તે ગુજરાત સાહિત્ય અકાદમીનો 'સંસ્કૃતનો ગૌરવ પુરસ્કાર' મેળવનાર, સંસ્કૃતના વિદ્વાન અને સંસ્કૃત સાહિત્ય-શિક્ષણ ક્ષેત્રે અનોખું પ્રદાન કરનાર ડૉ. અંબાલાલ પ્રજાપતિનો 'સંસ્કૃત સાહિત્યના સંદર્ભે ગુજરાતી કવિતા' અન્વયેનો વ્યાખ્યાન કાર્ટક્રમ યોજાઈ ગયો. ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ સર્વેને આવકારી વક્તાઓનો પરિચય આપ્યો અને સંસ્કૃત સાહિત્ય અને સંસ્કૃત શિક્ષણક્ષેત્રે બજાવેલ ઉમદા કામગીરી અને સિદ્ધિઓને બિરદાવી. ભરત કવિ અને ઉપપ્રમુખ નટવર હેડાઉ તથા મંત્રી સંજય થોરાત દ્વારા શાલ ઓઢાડીને ડૉ. પ્રજાપતિનું સન્માન કરવામાં આવ્યું ડૉ. અંબાલાલ પ્રજાપતિએ ભમરો ચૂમે ફૂલને, પતંગિયા રંગોળી પૂરે; સુવર્ણમૃગ રામને હરી ગયું અને રાવણ સીતાને, કાગડો બેઠો આંબા ડાળે, પોપટ પાંજરે બંધ; બાળક નાગાં - ભીંતે વાંચે મેરા ભારત મહાન, રાવણ હશે લોકતંત્રે - જટાયુ જો તરફડે જેવાં કાવ્યો રજૂ કર્યા. ગાંધીનગર શહેરની પ્રશસ્તિ રજૂ કરતી, ગૌરવવંતી સંસ્કૃત રચના રજૂ કરી. તેમના આ ગુજરાતી - સંસ્કૃત સાહિત્યની રચનાઓ હાજર સર્વેએ મનભર માણી, નાણી અને ખરા દિલથી વખાણી. કાર્યક્રમની આભારવિધિ સંજય થોરાત દ્વારા કરવામાં આવી.



સાહિત્યવૃત્ત

● શેઠ એચ.પી. આટ્‌ર્સ એન્ડ ટી.એમ. એમ. કૉલેજ, તલોદ ખાતે હિન્દી સાહિત્યના મહાન સર્જક હરિવંશરાય બચ્ચનના વ્યક્તિત્વ અને કૃતિત્વ 'પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ ડૉ. કે.કે. વૈષ્ણવના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. જેમાં હરિવંશરાય બચ્ચન એક સાધારણ માનવીમંથી અસાધારણ જગવિખ્યાત કવિ - આત્મકથાકાર કેવી રીતે બન્યા તેનાથી સર્વેને અવગત કરાવી; તેમની 'મધુશાલા', 'મધુબાલા', 'બંગાલ કા અકાલ', 'પ્રણયપત્રિકા', 'આરતી ઔર અંગારે', 'બુદ્ધ ઔર નાચઘર', 'બહુત દિન બિતે' જેવી કાવ્ય રચનાઓ અને 'કયાં ભૂલું - કયા યાદ કરું,', 'નીડ કા નિર્માણ', 'બસેરે સે દૂર', તથા આત્મકથાની સમીક્ષા દ્વારા હરિવંશરાય બચ્ચનની સર્જક તરીકેની મુલવણી કરવામાં આવી. આ પરિસંવાદના ઉદ્‌ઘાટક તરીકે મોડાસા કૉલેજના પૂર્વ ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આર.આર. રોહિત, મુખ્ય મહેમાન તરીકે બી.ડી. આટ્‌ર્સ કૉલેજ, અમદાવાદના ડૉ ધીરજભાઈ વણકર અને અતિથિ વિશેષ તરીકે ડૉ. વી.પી. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. રહીમભાઈ સિન્ધિએ અને આભારવિધિ હિન્દીના પ્રૉ. ડૉ.જયદત્ત ધોન્ડેએ કરી હતી.

● તા. ૧૦.૪.૨૦૧૬ના રોજ, અમદાવાદ ટેકસટાઈલ મીલ એસો.ના આત્મહોલ, ખાતે અમેરિકા સ્થિત કવિ ભરત ત્રિવેદીના કાવ્યસંગ્રહ 'ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ'નો વિમોચન કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ડૉ. સુમન શાહના હસ્તે કાવ્યસંગ્રહનું વિમોચન, જ્ઞાનપીઠ પુસ્તક રઘુવીર ચૌધરીની ઉપસ્થિતિમાં થયું. ચિનુ મોદી તથા ડૉ. જગદીશ ગુર્જર દ્વારા કવિતા વિશે વાત કરવામાં આવી. કાવ્યોનું પઠન નિમેષ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું.

● ભારતના ઉત્કૃષ્ટ બંધારણના શિલ્પી, વંચિતોના મહિસા, સામાજિક ક્રાંતિના મહાનાયક, વિશ્વવિભૂતિ, રાષ્ટ્રનિર્માતા અને સ્વતંત્રતા, સમાનતા અને બંધૂતાના અમોલ ત્રિસૂલની વિશ્વને ભેટ અર્પણ કરનાર મહામાનવ - ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે, દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા નીચે મુજબનાં વકતવ્યો નામાંકિત વકતાઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રજૂ કર્યા.

● તા.૭.૪.૨૦૧૬ - ભરત દેવમણિએ 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા રાજકીય' વિષે.

● તા. ૮.૪.૨૦૧૬ - જી.કે. રાઠોડ દ્વારા 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા સામાજિક' વિષે.

● તા. ૯.૪.૨૦૧૬ - નટુભાઈ પરમાર દ્વારા 'અસ્પૃશ્યો અને અસ્પૃશ્યતા ધાર્મિક' વિષે.

● તા. ૧૦.૪.૨૦૧૬ - ભરત દેસાઈ દ્વારા, 'ડૉ. આંબેડકર સાઈમન કમિશનની સાથે' વિષે.

● તા. ૧૧.૫.૨૦૧૬ સાહિલ પરમાર દ્વારા 'શ્રી ગાંધી અને અસ્પૃશ્યોની મુક્તિ' વિષે.

● તા. ૧૨.૪.૨૦૧૬ - રમણ વાઘેલા દ્વારા 'અસ્પૃશ્યો ભારતની બહિષ્કૃત વસાહતોના વર્ણ બહારના લોકો' વિષે.

● તા. ૧૩.૪.૨૦૧૬ - પ્રવીણ ગઢવી દ્વારા 'રસેલ અને સમાજનું પુનનિર્માણ' ગ્રંથ પર.

● તા. ૧૪.૪.૨૦૧૬ ડૉ. હરીશ મંગલમ્ દ્વારા 'ડૉ. આંબેડકર ગોળમેજી પરિષદમાં' ગ્રંથ પર

● કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તા. ૧૫ થી ૨૦ ફેબ્રુ. ૨૦૧૬ના સમયખંડમાં એક સાહિત્યોત્સવ ઉજવાઈ ગયો જેમાં ગુજરાતમાંથી સિતાંશું યશચંદ્ર અને ભગવાનદાસ પટેલ સહભાગી થયા હતા. સિતાશું યશચંદ્રે 'અભિવ્યક્તિ કી સ્વતંત્રતા' બેઠકની અધ્યક્ષતા કરી હતી, જયારે ભગવાનદાસ પટેલે 'અલિખિત સાહિત્ય / મૌખિક પરંપરા' બેઠકની અધ્યક્ષતા કરી, 'ભીલ-આદિવાસી મૌખિક પરંપરા' લેખ રજૂ કર્યો હતો.

● તાજેતરમાં લીંબડી ખાતે ચંદ્રકાન્ત નિર્મળના પ્રથમ કાવ્યસંગ્રહ 'સ્પન્દન' નું વિમોચન અને લોકાર્પણ વિધિ થયો જેમાં કવિ રમેશ આચાર્ય, સુમંત રાવલ, પંકજ ત્રિવેદી તથા ડૉ. જગદીશ ત્રિવેદી હાજર રહ્યા હતા. કાર્યક્રમ સંચાલન ડૉ. નરેન્દ્ર રાવલે કર્યું હતું.